**ક્રિ.પ.અરજી નં. 56/2024**

# આંક 1 લગત હુકમ

(૧) સદર કામના અરજદારે આ કામના સામાવાળા વિરુધ્ધ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–12 મુજબ ફોજદારી પરચુરણ અરજી નંબર. 06/2022 થી અરજી દાખલ કરેલ જે અરજીનુ કામ ચાલી જતા અરજદારની અરજી મંજુર કરવામા આવેલ અને તેમા સામાવાળા નં.1 નાએ અરજદારને માસીક રુ.5,000/–મકાન ભાડુ ચુકવવા હુકમ કરેલ તથા વળતરના રૂા. 1,50,000/– તથા અરજીનો ખર્ચ રૂા.૩,૦૦૦/– ચુકવવાનો હુકમ કરેલ. જેથી સદર કામના અરજદારે ડોમેસ્ટીક વાયોલેનસ એકટના રુલ–6(5) તેમજ બી.એન.એસ.એસ. ની કલમ–144 અન્વયે સામાવાળા પાસેથી ચડત બાકી મકાન ભાડા ની રકમ તા.01/02/22 થી 01/12/2023 સુધી ના કુલ 22 માસના માસિક 5,000/–લેખે કુલ રુ. 1,10,000/– વસુલ મેળવવા માટે પ્રસ્તુત અરજી દાખલ કરેલ છે.

(2) આ કામે સામાવાળા નં.1 નાઓ મુળ અરજીના કામે હાજર થયેલ છે. જેથી તેઓને હુકમની જાણ હોવા છતા અરજદારને ઉપરોકત જણાવેલ રકમ ચુકવવામાં કસુર કરેલ છે. ત્યારબાદ પણ અરજદાર તરફે આંક–28 થી જેલ વોરંટ ઈસ્કયુ કરવા અરજી આપવામા આવેલ છે. હાલના કામે અરજદાર તરફે માર્ક 3/2 થી રજુ ચુકાદાની નકલ ધ્યાને લેતા સામવાળાઓ સદરહુ અરજીના કામે હાજર થયેલ છે. આમ સામાવાળાને હાલની અરજીના કામે થયેલ હુકમની જાણ હોવા છતા અરજદારના મકાન ભાડા અંગે કોઈ રકમ ચુકવેલ નથી કે તે અંગે કોઈ વ્યવસ્થા કરેલ નથી.

(૩) આમ સામાવાળાને અરજીની જાણ હોવા છતા સામાવાળા આ કામે હાજર થયેલ નથી કે કોઈ રકમ જમા કરાવેલ નથી. સામાવાળાએ હાજર થઈ ચડત ભરણપોષણની બાકીની રકમ ચુકવતા નથી તેમજ અરજીના કામે હાજર થતા નથી અને કોઈ રકમ પણ જમા કરાવતા નથી. જેને કારણે અરજદારે મકાન ભાડાની રકમ વિના હેરાન થવુ પડે છે. હાલની અરજી અરજદારે ડોમેસ્ટીક વાયોલેન્સ એકટના રુલ–6(5) અન્વયે દાખલ કરેલ છે. જેથી બી.એન.એસ.એસ. ની કમલ–144 ની જોગવાઈઓ ધ્યાને લેતા તેમા ઝડપ થી ભરણપોષણ મળી રહે તેવી જોગવાઈ કરવામા આવી છે અને તેનો હેતુબર આવતો નથી. આમ સામાવાળા અરજીના કામે હાજર રહેતા નથી અને લેણી બાકી રકમ ચુકવતા નથી જેથી સામાવાળાને વધુ સમય આપવો જરુરી જણાતુ નથી અને આ અરજીની સુનાવણી વધુ સમય માટે ટાળવી યોગ્ય જણાતી નથી તેમજ કેદના સમયગાળા અંગે સામાવાળાને સમય અને તક આપી અરજીના કામમા વિલંબ નાખવાનો કોઈ અર્થ રહેતો નથી. સામાવાળા તથા તેમના કુટુંબીઓ એક યા બીજા કારણોસર પ્રોસેસ ની બજવણી થવા દેતા નથી અને બજવણી ટાળી રહયા છે. જેથી સજા બાબતે સાંભળવાનો સામાવાળાએ તેમનો હકક સ્વેચ્છાએ જતો કરેલ છે તેમ માનવાને કારણ રહે છે. તેથી ન્યાયના હીતમા સામાવાળાને સજા કર્યા સીવાય બીજો કોઈ વિકલ્પ રહેતો ન હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

# //હુકમ//

1. બી.એન.એસ.એસ. ની કલમ– 458(2) મુજબ સામાવાળા **એજાજ આમીનભાઈ સુંભણીયા, ઉ.વ.36, રહે.ગાયત્રીવાળી શેરી,સલાયા,તા.ખંભાળીયા** નાઓને ફોજદારી પરચુરણ અરજી નંબર. 06/2022 ના કામે થયેલ હુકમ મુજબ સામાવાળા એ અરજદાર ના બાકી રહેતા રુ.1,10,000/– મકાન ભાડાની/ભરણપોષણની રકમ ની ચુકવણી ન કરી સામાવાળાએ અરજદારને મકાન ભાડાની/ભરણ પોષણ ની રકમ ચુકવવામાં જે કસુર કરેલી છે તે કસુર બદલ સામાવાળાને પ્રત્યેક

માસના ભરણપોષણની રકમ ન ચુકવવા બદલ પ્રત્યેક માસ દીઠ–10 દીવસ ગણતા કુલ–22 માસના ભરણપોષણની રકમ ચુકવવાની કસુર બદલ કુલ–220 દિવસની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. વધુમા વળતરની તથા અરજીના ખર્ચની રકમ ચુકવવામા પણ સામાવાળાએ કસુર કરેલ છે તે કસુર બદલ સામાવાળા ને કુલ–200 દિવસની સાદી કેદની સજા ફરમાવવામા આવે છે. આમ સામવાળાઓને ભરણપોષણની તથા વળતરની રકમ ચુકવવના કસુર બદલ કુલ્લે–420 દિવસની સાદી કેદની સજા ફરમાવવામા આવે છે.

2.સામાવાળા **એજાજ આમીનભાઈ સુંભણીયા, ઉ.વ.36, રહે.ગાયત્રીવાળી શેરી,સલાયા,તા.ખંભાળીયા** ખાતે રહેતા હોય સુપ્રીટેન્ડેન્ટ ઓફ પોલીસ,ખંભાળીયાનાઓ ને આ હુકમની એક નકલ બજવણી સંબધના શેરા સામાવાળા જ્યાંથી પણ મળી આવે ત્યાંથી બજવણી કરવા તથા સજા વોરંટ સાથે પુર્તતા કરવા સારુ મોકલી આપવુ.

૩. સુપ્રીટેન્ડેન્ટને ઓફ પોલીસ,ખંભાળીયાનાઓ ને એવી સુચના આપવામા આવે છે કે, તેઓએ સામાવાળાની અટક કરી–કરાવી જામનગર જીલ્લા મધ્યસ્થ જેલ માં યાદી સાથે મોકલેલ જેલ વોરંટના આધારે મોકલી આપવો અને અત્રેની કોર્ટને જાણ કરવી.

4. જો સામાવાળા કે સામાવાળા તરફે કોઈ પણ વ્યકિત ચડેલ મકાનભાડાની તથા વળતર તથા અરજીના ખર્ચની કુલ રકમ રૂ. 2,38,000/– રજુ કરે તો સામાવાળાને જેલમા મોકલવો નહીં અને તે રકમ અત્રેની અદાલતમા જમા કરાવવા તજવીજ કરવી અને જેલ વોરંટ વગર બજે યાદી સાથે અત્રેની અદાલતમાં મોકલી આપવું.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. 07/08/2026
ખંભાળીયા

(એફ.આર.કોઠારીયા)
જયુ.મેજી.ફ.ક,
ખંભાળીયા